# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BHASHINI WORKSHOP GNR

ગાંધીનગરમાં “ભાષિણી રાજ્યમ્ ગુજરાત ચેપ્ટર ” વિષય પર એક દિવસની રાજ્યકક્ષાની કાર્યશાળા યોજાઈ. ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડ તથા ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટૅક્નૉલોજી મંત્રાલય દ્વારા યોજાયેલી કાર્યશાળામાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. આધારિત ભાષિણી ટૂલ્સ થકી ગુજરાતી સહિત સ્થાનિક ભાષાઓનો વધુ સારો ઉપયોગ થઈ શકશે.

આ ટૂલ્સની મદદથી હવે અંગ્રેજી સહિત કોઈ પણ ભાષામાંથી તેનું સ્થાનિક ભાષામાં ભાષાન્તર કરી શકાય છે , જેથી વિષય-ભાષાને સમજવામાં વધુ સરળતા રહેશે, તેમ પણ શ્રી મોઢવાડિયાએ ઉંમેર્યું.

(BYTE - ARJUN MODVADIA, SCIENCE AND TECHNOLOGY MINISTER)

સમગ્ર કાર્યશાળા દરમિયાન સરકારી સેવાઓમાં ભાષાન્તરની આધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ કેવી રીતે વધારવો તે અંગે વિસ્તૃતમાં માર્ગદર્શન અપાયું. આ પ્રસંગે મંત્રીશ્રીએ અક્ષર દ્રષ્ટિ પૉર્ટલનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA UPADHYAKSH ELECTION

ગુજરાત વિધાનસભાના આગામી સત્ર પહેલા વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી યોજાશે. આગામી 16 તારીખે યોજાનારી આ ચૂંટણી માટે વિધાનસભા દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. ઉમેદવારો એ આવતીકાલે બપોરે 12 વાગ્યા પહેલા ચૂંટણી માટે ઉમેદવારીપપત્ર ભરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે , અગાઉ જેઠા ભરવાડે ઉપાધ્યક્ષ પદ પરથી રાજીનામું આપતા તે જગ્યા ખાલી પડી હતી.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR YUVA ASTRONAUT

કચ્છના ધોળાવીરામાં એકથી આઠ ફેબ્રુઆરી સુધી  AAKA સ્પેસ સ્ટૂડિયો દ્વારા લૂનર-હૅબિટેટ ઇન્સ્પાયર્ડ ઍનાલૉગ ઍસ્ટ્રોનોટ મિશન સફળતાપૂર્વક પૂર્ણ કરાયું. આ મિશનમાં 17 વર્ષના આદિત્ય પંડ્યા પણ જોડાયા હતા. આ સાથે જ તેઓ ભારતના સૌથી યુવા પુરુષ ઍનાલૉગ અવકાશયાત્રી બન્યા છે.      AAKA  સ્પેસ સ્ટૂડિયોએ જણાવ્યું હતું કે, આ મિશન યુવા ઇજનેરો માટે અવકાશ તાલીમના નવા મૉડેલને રજૂ કરે છે. તેમાં તેઓ ડિઝાઈન    , પરિક્ષણ અને હૅબિટેટમાં રહી પ્રણાલિઓને પ્રમાણિત કરે છે.

આ અંગે યુવા અવકાશયાત્રી આદિત્ય પંડ્યાનો પ્રતિભાવ સાંભળીએ.

(BYTE - ADITYA PANDYA, INDIA'S YOUNG ASTRONAUT)

. . . . . . . . . . . . .

# SAURASHTRA UNI CRICKET

અખિલ ભારતીય વિશ્વ-વિદ્યાલય ક્રિકેટની સેમિ-ફાઈનલમાં પહોંચી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમે નવી સિદ્ધિ મેળવી છે. આજે રમાયેલી મહત્વની મૅચમાં સૌરાષ્ટ્રની ટીમે એમ. એસ. યુનિવર્સિટી બરોડા સામે જીત મેળવી હતી. બરોડાએ પહેલા બેટિંગ કરી 171 રન કર્યા. જવાબમાં સૌરાષ્ટ્રએ 172 રન બનાવી મેચ જીતી લીધી.

ટીમના રામદેવ આચાર્યે શાનદાર અણનમ 83 રન બનાવી ટીમને જીત અપાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો. તેમને "મેન ઑફ ધ મેચ" પણ જાહેર કરાયા હતા.

. . . . . . . . . . . . .

# ARAVALLI HOCKEY

અરવલ્લીમાં રાજ્યકક્ષાની હૉકી સ્પર્ધાનું આયોજન કરાયું છે. ખેલ મહાકુંભ અંતર્ગત ઝૉનકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓની વિવિધ ટીમ મોડાસા પહોંચી છે. ગુજરાત રમતગમત સત્તામંડળ, જિલ્લા રમતગમત વિભાગ અને રમત વિકાસ કચેરી દ્વારા આ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે વડોદરાનાં હૅડ કૉચ ઉષા નાયરને સાંભળીએ.

(BYTE: USHA NAIR, HOCKEY HEAD COACH, VADODARA)

. . . . . . . . . . . . .

# MEHSANA SHIVRATRI

મહેસાણામાં વડનગરના ઐતિહાસિક હાટકેશ્વર મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રિ નિમિત્તે મેળો યોજાશે. સવારે સાત વાગ્યે આરતી અને વૈદિક મંત્રોચ્ચાર સાથે શિવલિંગનો જળાભિષેક કરાશે. જ્યારે બપોરે ભગવાન શિવજીની શોભાયાત્રા યોજાશે. જ્યારે સાંજે મહાઆરતી અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. તેમજ રાત્રે 12 વાગ્યે નિશીથ કાળમાં પૂજા અને આરતી કરાશે.

. . . . . . . . . . . . .